।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# વલોણું

## વિવિધ - લેખો

**પ્રિયમ્**


અહો શ્રુતમ્
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

ફાગણ, વિ. ૨૦૭૭
માર્ચ, ૨૦૨૧

Book Link : bit.ly/priyambooks
(આ લિંકથી બધી જ બુક્સ ફ્રીમાં મળશે, જરૂર અનુસાર આપ સ્વયં પ્રિન્ટ કાઢી શકશો.
પુસ્તકપ્રાપ્તિ માટે લિંક ઉપયોગી થશે, પુછતાછ માટે સંપર્ક ઉપયોગી થશે.)

# વિષયાનુક્રમ

**ક્રમ ..... વિષય ........................................................ પૃષ્ઠ**

(૧) .... કંકુ છાંટીને.. દીક્ષા : પત્રિકાલેખન ......................... ૩
(૨) .... Exit ? Or Entry ?..... દીક્ષા : વિદાય સમારંભ ....... ૮
(૩) .... Till Last દીક્ષા..... : હિતશિક્ષા ........................... ૧૦
(૪) .... Now What ?.... દીક્ષા : સંસારી નિવાસે પગલા.... ૧૨
(૫) .... Red Signal ........................................................ ૧૩
(૬) .... પસ્તાવો ........................................................... ૧૪
(૭) .... આગમના અજવાળા ............................................ ૧૫
(૮) .... **जागरह णरा णिच्चं**.................................... ૧૬
(૯) .... જિનશાસન Times - 1........................................ ૧૭
(૧૦) .. જિનશાસન Times - 2........................................ ૧૮
(૧૧) .. જિનશાસન Times - 3........................................ ૧૯
(૧૨) .. સંવાદ શ્રેણિ.................................................... ૨૧
(૧૩) .. ઉપમિતિ શ્રેણિ ................................................ ૨૨

# ⁕ કંકુ છાંટીને લખી રે કંકોતરી ⁕

## જીવનમાં વહેલા આવજો

## દીક્ષા : પત્રિકાલેખન

પત્રિકાલેખન એ એક પ્રકારે દીક્ષા મહોત્સવના મંડાણ છે. દીક્ષા મહોત્સવના બે પાસા હોય છે. (૧) બહિરંગ (૨) અંતરંગ. બહિરંગ મહોત્સવ લોકોના પક્ષે હોય છે. અંતરંગ મહોત્સવ દીક્ષાર્થીના પક્ષે હોય છે.

દીક્ષાર્થી દ્વારા શક્રસ્તવાભિષેક થતો જોવો એ બહિરંગ મહોત્સવ હોય છે. દીક્ષાર્થી પોતાના જીવન સામ્રાજ્ય પર જિનાજ્ઞાનો રાજ્યાભિષેક કરવાની અનુભૂતિ કરે એ અંતરંગ મહોત્સવ હોય છે. દીક્ષાર્થીનો વરઘોડો નીકળે એ બહિરંગ મહોત્સવ હોય છે. દીક્ષાર્થી સંયમની સ્વપ્નસૃષ્ટિમાં મહાલતા હોય એ અંતરંગ મહોત્સવ હોય છે. દીક્ષાર્થી વરસીદાન આપી રહ્યા હોય એ બહિરંગ મહોત્સવ છે, એમના આત્માના પ્રદેશે પ્રદેશથી સંપત્તિ, ઘર, સ્વજન વગેરેનું મમત્વ છૂટી રહ્યું હોય એ અંતરંગ મહોત્સવ છે. દીક્ષાર્થીનો વિદાય સમારંભ ચાલી રહ્યોહોય એ બહિરંગ મહોત્સવ છે. એમના આત્મામાં અનાદિ ભવચક્રથી ઘર કરી ગયેલ મોહરાજાને એ વિદાય આપી રહ્યા હોય એ અંતરંગ મહોત્સવ છે. દીક્ષા ઉપકરણોના ચડાવા થઈ રહ્યા હોય એ બહિરંગ મહોત્સવ છે, દીક્ષાર્થી ગુણશ્રેણિ ને ગુણસ્થાનક પર ચડી રહ્યા હોય એ અંતરંગ મહોત્સવ છે. નૂતનદીક્ષિતના સંસારી ઘરે પગલા થતા હોય, એ બહિરંગ મહોત્સવ છે. નૂતનદીક્ષિત એમના આત્મઘરમાં સદ્ગુરુના પગલાની અનુભૂતિ કરતા હોય, એ અંતરંગ મહોત્સવ છે.

આજે વાત કરવી છે પત્રિકાલેખનની... દીક્ષાર્થીનો પરિવાર સ્વજનો-મિત્રોને દીક્ષોત્સવમાં પધારવા માટે આમંત્રણ-પત્રિકા લખે એ બહિરંગ મહોત્સવ છે. દીક્ષાર્થી એમના જીવનોત્સવમાં પધારવા માટે સદ્ગુણોને આમંત્રણ પત્રિકા લખે એ અંતરંગ મહોત્સવ છે.

થોડી ક્ષણો માટે એવી ભાવના થાય, કે આપણે સહુ આ અંતરંગ

મહોત્સવમાં મહાલીએ, પહેલી પત્રિકા લખવી છે ઉપશમને, શ્રામણ્યમાં જ્યારે હું પ્રવેશ કરી રહ્યો છું, ત્યારે તું ન આવે એ તો ચાલી જ શકે તેમ નથી. આગમનું આ અમૃત છે.

**उवसमसारं खु सामण्णं ।**

ઉપશમ એ જ શ્રામણ્યનો સાર છે. ઓ ઉપશમ ! પ્રભુ મહાવીર અનાર્ય લોકોની ગાળો ખાઈને ય હસતા રહ્યા તારા પ્રતાપે, એમના પગનો ચૂલો બનાવાયો ને તો ય એ શીતળ રહ્યા તારા પ્રભાવે, એમના કોઈ વાંક-ગુના વિના એમને આખી રાત વીશ વીશ મહા ઉપસર્ગોથી મારી નાંખવા સુધીના પ્રયાસો કરાયા, ને છતાં ય- છતી શક્તિએ ય- એમને લેશ પણ ઉકળાટ ન થયો તારા જ કારણે.

ઉપશમ ! પહેલી આમંત્રણ પત્રિકા તને લખું છું, તું જેવો પ્રભુ વીરના જીવનમાં આવ્યો હતો, એવો મારા જીવનમાં પણ આવજે, ને મારા જીવનને ઉત્સવ બનાવજે. બહિરંગ વિશ્વમાં ઉત્સવના કારણે આગમન હોય છે. અંતરંગ વિશ્વમાં આગમનના કારણે ઉત્સવ હોય છે. તું મારા જીવનમાં આવીશ એટલે ઉત્સવ આવવાનો જ છે.

મારું માથું કદી પણ તપે નહીં એ માટે તારું આવવું જરૂરી છે, કષાયો કંટાળીને વિદાય લઈ લે એ માટે તારું આવવું જરૂરી છે. હું ખરા અર્થમાં શ્રમણ બનું એ માટે તારું આવવું જરૂરી છે. તારે આવવાનું જ છે. તારે આવવું જ પડશે.

બીજી આમંત્રણ પત્રિકા લખીએ સમતાને. સમતા ! તું મારા જીવનમાં જરૂર આવજે. તું જ તો સંયમનું સર્વસ્વ છે. યાદ આવે અધ્યાત્મસાર-

**चारित्रपुरुषप्राणाः समताऽऽख्या०**

***સમતા એ ચારિત્ર-પુરુષના પ્રાણ છે.***

સમતા ! કમઠ જેવા કટ્ટર દુશ્મન અને ધરણેન્દ્ર જેવા પરમ ભક્ત - બંને પ્રત્યે પ્રભુ પાર્શ્વને જે એક સરખો ભાવ હતો, એનું કારણ તું જ

હતી. કૌરવોના ઉપસર્ગો અને પાંડવોની ઉપાસનાઓ. આ બંને પ્રત્યે રાજર્ષિ દમદંતની જે સમાન મનસ્થિતિ હતી. એનું કારણ તું જ હતી.

સમતા ! મારે મારા જીવનમાં એ શિખર પર પહોંચવું છે, જ્યાં સોનું અને માટી આ બંને સમાનાર્થી શબ્દો થઈ ગયા હોય. મારે એવી અસ્મિતાના સ્વામી બનવું છે, જ્યાં સ્ત્રી અને શબ - આ બે વચ્ચે કોઈ ભેદ જ ન રહ્યો હોય. મારે એવી પરિણતિ કેળવવી છે. જેમાં માન-અપમાન, સ્તુતિ-નિંદા, સગવડ-અગવડ, જીવન-મૃત્યુ બધું જ પર્યાય-શબ્દો બની ગયું હોય. સમતા ! આના માટે અનિવાર્ય છે તારું આગમન. તું આવીશ ને ?

તું આવીશ, તો હું આવીશ, તું હોઈશ તો હું હોઈશ. તું ગેરહાજર હોઈશ, તો હું ય ગેરહાજર હોઈશ. કારણ કે તું એ હું જ છું. યાદ આવે પરમ પાવન શ્રી ભગવતીસૂત્ર -

**आयाण णे अज्जो सामाइए आया णे अज्जो ।**

**सामाइयस्स अट्ठे ।**

***હે આર્ય ! આત્મા જ સમતા છે.***

***આત્મા જ સમતાનો અર્થ છે.***

સમતા ! તારા વગરનો હું એટલે પાણી વગરનો દરિયો, તારા વગરનો હું એટલે તેલ વગરની ધાર, તારા વગરનો હું એટલે તાંતણા વગરનું કપડું, તારા વગર હું ય ન હોઈ શકું, તો સંયમ તો ક્યાંથી હોઈ શકે ? સમતા ! તારે આવવાનું જ છે અને ચોક્કસ આવવાનું છે.

ત્રીજી આમંત્રણ પત્રિકા લખીએ બ્રહ્મ ને - બ્રહ્મ ! તું સંયમનું હાર્દ છે. સ્થૂલભદ્રસ્વામી કામના ઘરમાં જઈને ય કામને પરાસ્ત કરી આવ્યા, કારણ કે એમના જીવનમાં તું આવ્યો હતો. સુદર્શન શેઠ સામે કપિલા ને અભયા - બધા ભોંઠા પડી ગયા કારણ કે એમના અંતરમાં તે એન્ટ્રી લીધી હતી. રૂપરમણી ય ઝાંઝરિયા મુનિનું કશું બગાડી ન શકી, કારણ કે એમની રગ રગમાં તું વહેતું હતું. અપ્સરા જેવી રાણીઓ ય નેમિકુમારના રુંવાડાને ય ફરકાવી ન શકે, કારણ કે એમના આત્માના પ્રદેશે પ્રદેશે તારા પગલા થયા હતા.

ઓ બ્રહ્મ ! તું આવે ને ૬૪ હજાર રાણીઓ ય ચક્રવર્તી માટે ઘાસના પૂળા જેવી બની જાય, તું આવે ને અનાદિની ઈન્દ્રિયોની ગુલામીનો અંત આવી જાય, તું આવે ને બધા જ વિષયો વિલખા પડી જાય, તું આવે ને મોહરાજા હાથ ઘસતો રહી જાય, તું આવે ને કામનું કામ તમામ થઈ જાય. તું આવે ને સાતે નરકે તાળા લાગી જાય, તું આવે ને ૮૪ લાખ યોનિ ભોંઠી પડી જાય.

બ્રહ્મ ! તારી કેટલી વાત કરું ! આમ રાજાએ મોકલેલી વેશ્યા બધું કરી છૂટી, પણ બપ્પભટ્ટિસૂરિજી મનથી ય ન ડગ્યા. વેશ્યાએ રાજાને કહેવું પડ્યું.

**नवनीततुल्यो लोकोऽयं पाषाणतुल्यो ते गुरुः ।**

***સ્ત્રી આગ છે***

***દુનિયાભરના પુરુષો માખણ છે***

***ને આપના ગુરુ પથ્થરતુલ્ય છે.***

કમાલ બ્રહ્મ કમાલ ! મને યાદ આવે પેલા વજસ્વામી, રુક્મિણીનો હાથ ને એક કરોડ સોનામહોર – બંને સામેથી મળી રહ્યા છે, ને એવી રીતે ના પાડી રહ્યા છે કે જાણે ભૂંડણ અને વિષ્ટાની ઓફર થઈ રહી હોય, મને યાદ આવે પેલા જંબૂકુમાર – લગ્નની પહેલી રાત, આઠ આઠ રૂપાળી પત્નીઓ, ૯૯ કરોડ સોનૈયા ને રોમે રોમેથી નીતરતો વૈરાગ્ય.. પરમ નિઃસ્પૃહતા... જાણે વિષ્ટા ચૂંથતા બાળકને સમજાવતા હોય તેમ આઠેય નવોઢાઓને જંબૂકુમાર સમજાવી રહ્યા છે... 'આ બધું છી' છે. ને તેઓ સમજી જાય છે.

'બ્રહ્મ ! ' તારા લાખ લાખ ઓવારણા લઉં છું, ને તને મારા જીવનમાં આવવાનું આમંત્રણ આપું છું. તું આવ ! હું તને મારા હૃદયસિંહાસન પર બેસાડીશ, તારી શ્રેષ્ઠ સરભરા કરીશ.

ચોથી આમંત્રણ પત્રિકા લખવી છે સરળતાને. પાંચમી કોમળતાને, છઠ્ઠી સહનશીલતાને, સાતમી નિઃસંગતાને, આઠમી વિનયને, નવમી તપસ્યાને, દશમી સમર્પણને...

સેંકડો-હજારો ગુણોને આમંત્રણપત્રિકા લખવી છે, લાખો-કરોડો-અસંખ્ય-અનંત ગુણોને આમંત્રણપત્રિકા લખવી છે, એ લખવા માટે ય અનંત ભવો જોઈએ. શું કરવું ? કોઈ એક એવું ખરું ? જેમને આમંત્રણ આપીએ ને અનંતગુણોને આપો આપ આમંત્રણ અપાઈ જાય... જે જીવનમાં આવીને છવાઈ જાય એટલે અનંત ગુણો પણ આવીને છવાઈ જાય. કોઈ એક.. કોઈ એક... એવું કોણ હોઈ શકે ? હા, પરમ પાવન દશવૈકાલિક આગમ જવાબ આપે છે.

**तेसिं गुरूणं गुणसायराणं ।**

***સદ્ગુણોના સાગર એટલે સદ્ગુરુ***
***સદ્ગુરુમાં બધા જ સદ્ગુણો આવી જાય***
***સદ્ગુરુ આવે એટલે બધા જ સદ્ગુણો આવે.***

આપણા આમંત્રણથી એકાદ સ્વજન ન પણ આવે, તો ય દીક્ષા થઈ જવાની છે. એક પણ સ્વજન ન આવે, તો ય દીક્ષા અટકવાની નથી, પણ જો સદ્ગુણો ન આવ્યા, જો સદ્ગુરુ ન આવ્યા, તો આપણી દીક્ષા થવાની નથી. એમના વિના દીક્ષા થવી શક્ય જ નથી. જીવનમાં સદ્ગુરુનું આવવું ને છવાઈ જવું આનું જ નામ દીક્ષા. સમગ્ર દીક્ષોત્સવનું અંતરંગ સ્વરૂપ આ જ છે - સદ્ગુરુની આમંત્રણ પત્રિકા - આજે કાળજાના કાગળ પર સંવેદનાની શાહીથી સદ્ગુરુને આમંત્રણ પત્રિકા લખીએ. આપ પધારો... આ ભવ.. આ સામગ્રી... આ સમજ.. આ પ્રસંગ.. બધું જ આપની પધરામણી માટે છે.

✷

# ⁕ *Exit ? or Entry* ⁕
## દીક્ષા : વિદાય સમારંભ

વિદાયનો અર્થ છે જવું : 'જવું' એ ફક્ત 'જવું' જ નથી હોતું. 'આવવું' પણ હોય છે. તમે મુંબઈથી અમદાવાદ જાઓ છો ત્યારે 'જવું' એ મુંબઈથી -ની અપેક્ષાએ જ હોય છે. અમદાવાદની અપેક્ષાએ 'આવવું' હોય છે. દીક્ષાર્થીનો વિદાય સમારંભ એ શું હોય છે ? સંસારની અપેક્ષાએ એ વિદાય હોય છે. શાસનની અપેક્ષાએ આગમન હોય છે.

દાર્શનિક શાસ્ત્રોનો એક પદાર્થ છે.

**नासतो विद्यते भावो, नाभावो विद्यते सतः ।**

*જે અસત્ હોય - દુનિયામાં કદી હોય જ નહીં.*
*એનું કદી અસ્તિત્વ નથી થઈ જતું*
*અને જે સત્ હોય - વિદ્યમાન હોય,*
*એનું અસ્તિત્વ કદી નાબૂદ નથી થઈ જતું.*

દૂધ દહી બને છે ત્યારે દહી હવામાંથી એકાએક પ્રગટ નથી થઈ જતું. દૂધ એકાએક અદશ્ય નથી થઈ જતું. દૂધની વિદાય છે, દહીંનું આગમન છે, દહીંરૂપે દૂધનું અસ્તિત્વ કાયમ રહે છે, મનુષ્ય દેવ બને છે, મનુષ્યની વિદાય છે, દેવનું આગમન છે, દેવરૂપે મનુષ્ય કાયમ રહે છે.

**વિદાય કદી પણ એકાન્તિક વિદાય હોતી જ નથી. વિદાય એ અમુક અપેક્ષાએ જ વિદાય હોય છે. ખરો સવાલ એ જ છે કે આપણે કઈ અપેક્ષાએ એ ઘટનાને જોઈએ છીએ. આપણે સંસારી હોઈએ એટલે સહજ રીતે સંસારની અપેક્ષાએ જોઈએ, પછી વિદાય સમારંભ કરુણ બને... જ્યાં 'આગમન'ની દૃષ્ટિ ન હોય ત્યાં કરુણતા જ હોય ને ?** ત્યાં ફક્ત દૂધની જાવક છે, દહીંની આવક નથી, એમાં કેટલાક વક્તાઓ સાંસારિક લાગણીઓને ઉશ્કેરી ઉશ્કેરીને રડાવવામાં પોતાનું ગૌરવ અને કાર્યક્રમની સફળતા સમજે, એટલે વિદાયસમારંભ શુદ્ધ વિદાય સમારંભ બને, એટલે કે એમાં આગમનના દૃષ્ટિકોણને સ્થાન ન મળ્યું હોય કે નહીંવત્ મળ્યું હોય.

નગરના એક રહેવાસીની દીકરી છે. ખુદ રાજાએ માંગું કર્યુ છે. જાન નીકળી છે. રાજમાર્ગ ભરેલો છે, રાજાશાહી સમ્માન સાથે દીકરી પરણવા જઈ રહી છે. ધારો કે 'મા' રડી રહી છે, એને એની સખી શું કહેશે ? ''ગાંડી, તું રડે છે ? તું હસ.. નાચ... તારી દીકરી તો રાજાની રાણી થવા જઈ રહી છે. આજે તારા માટે કેટલા આનંદનો દિવસ છે. આ ફક્ત વિદાય નથી, આ ફક્ત વિવાહોત્સવ જ નથી, આ તો રાજ્યોત્સવ છે...'' આમ જ કહેશે ને ?

**ખરો સવાલ દીકરી જઈ રહી છે એ નથી. ખરો સવાલ એ ક્યાં જઈ રહી છે એ છે. એ જો સામાન્ય નગરજનના દીકરીપણામાંથી રાજાના રાણીપણામાં જઈ રહી છે, તો ત્યાં વિદાય ગૌણ છે, આગમન મુખ્ય છે, એ વિદાય નથી, વૈભવ પ્રાપ્તિ છે. એ શોકનો અવસર નથી, એ હર્ષનો અવસર છે.**

દીક્ષા મહોત્સવ સાથે એક શબ્દ અનિવાર્યપણે જોડાઈ ગયો છે - વિદાય સમારંભ. Min. પ્રોગ્રામ્સ સાથે દીક્ષા થાય તો ય એમાં વિદાય સમારંભ તો હોય જ. ભલે હોય, કદાચ એનું નામ ન બદલી શકાય તો ય હકીકતમાં એ આગમન સમારંભ છે, એ આનંદ સમારંભ છે, એ આશીર્વાદ સમારંભ છે, એ ઓવારણા સમારંભ છે, નામ જે પણ આપો, જેમાં દીક્ષાર્થીની મીઠી ઈર્ષ્યા આવી જાય ને સભા દીક્ષા લેવા તલપાપડ થઈ જાય એ સમારંભ સાચો ને જેમાં દીક્ષાર્થી અને તેમના પરિવારની દયા આવી જાય એ સમારંભ ખોટો. રડવું આવી જાય એટલું જ પૂરતું નથી, શેના માટે રડવું આવ્યું એ જોવું પણ જરૂરી છે. સાંસારિક સંબંધ વિયોગમાં પરિણમી રહ્યો છે, એ માટે સભા રડી રહી છે ? કે દીક્ષાર્થી ખાટી ગયા... ફાવી ગયા... ન્યાલ થઈ ગયા ને અમે રહી ગયા- આ મુદ્દે સભા રડી રહી છે ? - આ બહુ જ મહત્ત્વનો પ્રશ્ન છે.

**'વિદાય' હકીકતમાં મોહરાજાની વિદાય છે, સંસારરાક્ષસની વિદાય છે, કર્મના કોરોનાની વિદાય છે, નરક-નિગોદની સંભાવનાની વિદાય છે,**

**અનંત ભવભ્રમણની વિદાય છે, સર્વ દુઃખોની વિદાય છે... એને એ સ્વરૂપે જ જોઈએ અને દીકરી રાજાની રાણી થવા જઈ રહી હોય, ત્યારે પોક મુકીને રડીએ નહીં એ વિદાય સમારંભનું ઔચિત્ય છે, એને જાણો અને એને મન ભરીને માણો એ જ શુભેચ્છા સહ વિરમું છું.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કહેવાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

✻

## ✻ *Till Last* ✻

### દીક્ષા : હિતશિક્ષા પ્રવચન

નગરની બહાર ઉદ્યાન છે. વૃક્ષ નીચે સદ્‌ગુરુ બિરાજમાન છે. વિશાળ સભા છે. એક ભવ્યાત્માની દીક્ષાની મંગળ વિધિ ચાલી રહી છે – મન્ત્રમુગ્ધ બનીને સભા એક એક પ્રક્રિયાને જોઈ રહી છે. ને છેવટે એ ભવ્યાત્મા એ આદેશ માંગ્યો... ‘‘ઈચ્છકારી ભગવન્ પસાય કરી મમ હિતશિક્ષા પ્રદાન કરશોજી.’’

વિનયપૂર્વક અંજલિ કરીને એ ભવ્યાત્મા સદ્‌ગુરુ સમક્ષ હિતશિક્ષા લેવા ઉપસ્થિત થયા છે. એમના રોમે રોમે ગુરુવચન સુધાની પ્યાસ છે. આખી સભાની આંખોમાં ઉત્સુકતા છે, ને સદ્‌ગુરુના હોઠ ફરફરે છે.

**‘‘जाइ सद्धाइ णिक्खंतो तमेव अणुपालए ।**

સંયમજીવનની સફળતાનો એક જ આધાર છે. જે ભાવોલ્લાસ સાથે તમે સંયમ લીધું, તે જ ભાવોલ્લાસને હંમેશ માટે ટકાવી રાખશો, બસ, તમે આટલું કરી શકો, તો સંયમજીવન સફળ અને ટૂંક સમયમાં મોક્ષ નક્કી. આજે તમને કોઈ પણ મહાત્મા સારણાદિ કરી શકશે, જીવનના છેલ્લા દિવસ સુધી તમે તમારી આ પાત્રતા ટકાવી રાખો તો તમારો મોક્ષ નક્કી. **આજે તમારા સ્વજનો ફરિયાદ કરશે, એ કાંઈ બોલતા તો નથી, સામું ય જોતા નથી, આ જ ફરિયાદ છેલ્લા દિવસ સુધી અકબંધ રહે,તો તમારો મોક્ષ નક્કી.**

**આજે તમે સહજ રીતે ખૂણો પકડીને દીવાલ સામે ઊંધા બેસી જશો, તમારી આ જ વૃત્તિ છે'ક સુધી ટકાવી રાખશો તો તમારો મોક્ષ નક્કી. (આજે તમને નામના કે પ્રસિદ્ધિની કોઈ જ ભૂખ નથી, આ તૃપ્તિ અંત સુધી સ્થિર રહે તો તમારો મોક્ષ નક્કી.)** આજે તમે સંપૂર્ણ કોરી પાટી છો, મારે જે લખવું હોય, તે નિઃસંકોચ અને નિર્વિઘ્ન લખી શકાય તેમ છે. આ સુવિધા કાયમી બની જાય, તો તમારો મોક્ષ નક્કી.

**તમે બોલવા લાગશો એટલે સાધના ચૂપ થઈ જશે, તમે બાહ્ય ભાવોમાં દોડવા લાગશો એટલે સાધનાને લકવો થઈ જશે. તમે પોથીમાંથી માથું ઊંચુ કરશો એટલે સાધનાનું માથું શરમથી ઝૂકી જશે. તમે અંતર્મુખતાથી ઘડાઈ જશો એટલે સાધના ભૂખે મરશે, તમે ખુલ્લી હવામાં આવી જશો એટલે સાધનાનો શ્વાસ રુંધાવા લાગશે. તમે પૂર્ણ વિનિયોગમાં ઝંપલાવી દેશો એટલે સાધના શૂન્ય થઈ જશે. તમે તમારામાંથી નીકળી 'કોઈ' માં આવી જશો, એટલે સાધના કોમા-માં આવી જશે.**

સાચી મંઝિલને સમજી સાચા માર્ગને પકડ્યો એટલે મોક્ષ નક્કી જ છે, શરત એટલી જ કે વળતો વળાંક (રિવર્સ ટર્ન-યુ ટર્ન) ન લેવામાં આવે.

**जाइ सद्धाई णिक्खंतो तमेव अणुपालए ।**

***બસ,***
***આજની દીક્ષા***
***આજનો ભાવોલ્લાસ***
***કદી ન મુરઝાય***
***કદી ન કરમાય***
***તો મોક્ષ થાય.***

આજનો ભાવ આજની પરિણતિ એ તમારું સર્વસ્વ છે, બીજું બધું જ જતું કરીને એનું જીવની જેમ જતન કરો એવા ખૂબ ખૂબ આશિષ.''

સદ્‌ગુરુના હોઠ બીડાઈ જાય છે, સાધનાના દ્વાર ખુલી જાય છે, એ ભવ્યાત્મા એમાં પ્રવેશ કરે છે, ને સભા પ્યાસી આંખે જોઈ રહે છે.

## ✲ *Now What ?* ✲

### દીક્ષા : સંસારી નિવાસે પગલા - પ્રવચન

દીક્ષાના બીજા દિવસે સંસારી ઘરે પગલા કરવા એવો રિવાજ થઈ ગયો છે. પણ રિવાજને ફક્ત રિવાજ જ ન રહેવા દેવો ને એની ભીતરમાં જઇને એને આત્મિક સાનુબંધ લાભનું કારણ બનાવી દેવો એ કર્તવ્ય છે.

ઘરે સાધુના પગલા થાય એ બોક્સ છે. ઘરમાં-જીવનમાં સાધુતાના પગલા થાય એ ઘરેણું છે. સ્વજનની દીક્ષા થાય એટલે સાંસારિક રીતે ઘર ખાલી થતું હોય છે. દીકરો પરણત ઘરે વહુ આવત, છોકરા થાત, ઘર ભર્યું ભર્યું રહેત, પણ એવા ભરેલા ઘરમાં કેટકેટલી મોહમાયાઓ ભરેલી હોત, સંતાનની દીક્ષા થઈ એટલે ઘર એ બધાથી ખાલી થયું, હવે શું કરવાનું ? એમાં સાધુતા ભરવાની. જ્યાં સુધી દીક્ષા ન લઈ શકાય, ત્યાં સુધી ગૃહસ્થપણે પણ સાધુ જેવા બનવાનું. તે માટે ત્રણ ઉપાય છે.

(૧) **અષ્ટપ્રવચનમાતાને બરાબર સમજીને એનો શક્ય અમલ ચાલુ કરી દેવો.**

(૨) **શક્ય એટલા પૌષધો કરવા.**

(૩) **શક્ય એટલી સામાયિકો કરવી.**

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે શ્રાવકનો જેટલો સમય સામાયિક-પૌષધમાં પસાર થાય છે, તે જ સમય સફળ છે. બાકી, જે સમય સાંસારિક પ્રવૃત્તિઓમાં પસાર થાય છે તેનું ફળ ફક્ત ભવભ્રમણ હોય છે. **सेसो संसारफलहेऊ ।**

એક માણસ કરોડ રૂપિયા કમાયો, પણ એનાથી ન એણે કોઈ ધંધો કર્યો,ન ક્યાંય રોકાણ કર્યું, ફક્ત ખર્ચા ચાલુ રાખ્યા, જતે દા'ડે એના કરોડ રૂપિયા પૂરા થઈ ગયા. બીજા માણસે એક કરોડ રૂપિયા કમાઈને યોગ્ય રીતે ધંધો-રોકાણાદિ કર્યું, એ માણસ આગળ જઈને અબજપતિ બની ગયો. **વાત તમારી છે. નિઃસ્વાર્થ-ભાવે શાસનને સંતાનનું સમર્પણ કરીને તમે**

**આજે આધ્યાત્મિક દૃષ્ટિએ કરોડપતિ બન્યા છો. તમે ઉચ્ચ પુણ્યનું ઉપાર્જન કર્યું છે. વિશિષ્ટ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી છે. હવે આ મૂડી એમ ને એમ ખર્ચાઈ જાય. ખાલી થયેલો સંસાર નવા સંસારથી ભરાઈ જાય. ને આપણે પાછા ત્યાંના ત્યાં આવી જઈએ. એવું આપણે નથી કરવાનું, પણ સ્વજન મહાત્માની ખૂબ અનુમોદના દ્વારા અને યથાશક્તિ સંયમ આરાધનાથી સક્રિય અનુમોદના દ્વારા આ મૂડીના ગુણાકારો કરવાના છે.**

આટલું કરશો એટલે ચારિત્ર મોહનીય કર્મના ભુક્કા બોલાતા જશે, આ ભવમાં નહીં તો આવતા ભવમાં બાહ્ય રીતે અને આંતરિક રીતે સંયમને અનુકૂળ સંયોગો પ્રાપ્ત થશે, વિશુદ્ધ સંયમની પ્રાપ્તિ થશે અને અલ્પ સમયમાં આત્માનો ભવસાગરથી નિસ્તાર થશે. એ માટે પ્રયત્ન કરશો. જિનાજ્ઞાવિરુદ્ધ કહેવાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

✺

## ✻ Red Signal ✻

કાર ધીમે ધીમે કોમન થઈ ને આપણે છાશવારે કાર લઈને જર્ની કરતા થઈ ગયા. પહેલા બસ-ટ્રેન દ્વારા મર્યાદિત જર્ની થતી હતી. હવે કાર આવી જતા અનેકગણી જર્ની થવા લાગી. ફરવા, જાત્રા કરવા, વહેવારોમાં.. વગેરે... પણ એનું પરિણામ શું આવ્યું ખબર છે ?

(૧) ભારતમાં દર વર્ષે બે લાખ લોકો રોડ-અકસ્માતમાં મૃત્યુ પામે છે.

(૨) દર વર્ષે લાખો લોકો ખરાબ રીતે ઘાયલ થાય છે.

(૩) લાખો લોકો કાયમી ધોરણે અપંગ થઈ જાય છે.

(૪) લાખો લોકો પરિવારના બીજા સભ્યો માટે બોજ બની જાય છે.

(૫) ચિકિત્સાના બિલ્સ ભરવામાં લાખો લોકોનું ઘર ખાલી થઈ જાય છે.

### Do You Know ?

(૧) ભયંકર ઝડપવાળા વાહનો અને ખટારાઓની તુલનામાં તમારી કાર એ પત્તાના રમકડાથી વધુ કાંઈ જ નથી.

(૨) લાખો ડ્રાઈવરો દારૂના નશામાં ઉજાગરાની સુસ્તીમાં ભારે વાહનો ચલાવી રહ્યા છે.

(૩) રાતે તો ફ્લેશમાં આંખો અંજાઈ જાય ત્યારે તમારું જીવન ફક્ત એક 'અંદાજા' ના ભરોસે હોય છે.

(૪) પ્રેઝન્ટ ટાઈમમાં હાઈવે જર્નીનો સીધો મિનિંગ જિંદગીનો જુગાર છે.

(૫) આ દુર્લભ ભવ રસ્તા પર નાંખી દેવા માટે નથી, પત્નીને વિધવા કે બાળકોને અનાથ બનાવવા માટે નથી.

(૬) રોજ આપણા ભાઈઓ-બહેન કમોતે મરી રહ્યા છે. આપણે ક્યારે જાગશું ?

## આટલું કરો

* નવી કાર ખરીદવાનું બંધ કરો. * બને તો જુની કાઢી નાંખો. * ન બને તો શહેરની બહાર કાર જર્ની ન કરો. * ટ્રેન સિવાયના વિકલ્પો ન અપનાવો * મુસાફરીઓ તદ્દન ઓછી કરી દો. * જિંદગીનો જુગાર ખેલવો એ ય મોટું પાપ છે. જેનું મોટું પ્રાયશ્ચિત્ત આવે છે.

*

## * પસ્તાવો *

પાપોનો મળ પસ્તાવાના અશ્રુઓથી જ ધોવાઈ શકે છે. પાપોના મળનો મેરુ ધોવો છે, તો સંવેદનાનો સ્વયંભૂરમણ સમુદ્ર જોઈશે - યા પ્રતિજ્ઞા જોઈએ, યા પસ્તાવો જોઈએ, એકે ય નથી, એ ભવભ્રમણનું લક્ષણ છે. અને પસ્તાવો ય એ સાચો જે શીઘ્ર પ્રતિજ્ઞામાં પરિણમે છે.

**परितप्पिएण तणुओ सहारो जइ घणं ण उज्जमइ ।**

**जह सो सेणियराया परितप्पंतो गओ णरयं ॥**

***જો દઢ ઉદ્યમ ન કરે***

***તો ફક્ત પસ્તાવાથી બહુ સહારો નથી મળતો.***

***જેમ કે તે શ્રેણિક રાજા પસ્તાવાથી નરકમાં ગયા.***

*

**एमेव अहाछंदे, पडिहणणा झाण अज्झयण कण्णा ।**
**ठाणठितो वि निसामे, सुण आहरणं च गहिएणं ॥**

જે ઉત્સૂત્રપ્રવૃત્તિ અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તેની પાસે કદી જવાય નહીં,
તેની સાથે કદી રહેવાય નહીં.
છતાં ક્યારેક એવા સંયોગો આવી પડે કે
ન છૂટકે તેમની સાથે અમુક સમય રહેવું જ પડે
તો કેવી રીતે રહેવું ?

તેના સંદર્ભમાં આગમમાં પાંચ વિકલ્પો બતાવ્યા છે.

(૧) **પ્રતિહનન :** જો આપણી શક્તિ હોય તો તેમની ઉત્સૂત્રપ્રરૂપણાનો પ્રતિકાર કરવો, જેથી તે પોતાનો કદાગ્રહ છોડી દે.

(૨) **ધ્યાન :** જો એવી શક્તિ ન હોય, તો એવી રીતે ધ્યાનમગ્ન થઈ જાય કે તેમની વાત સંભળાય જ નહીં.

(૩) **અધ્યયન :** તેમને પોતાની ભૂલ સમજાય એવા શાસ્ત્રપાઠો બોલવા લાગે, જેનાથી તે પોતાની વાત આપણને ન સમજાવી શકે ને તેમને સત્ય સમજવાનો અવકાશ રહે.

(૪) **કર્ણ :** પોતાના બંને કાન બંધ કરી દે, જેથી તેમની વાત/વ્યાખ્યાન ન સંભળાય, અથવા તેમનાથી વધુ દૂર જાય.

(૫) **આહરણ :** જો દૂરથી ય સંભળાતું હોય, તો તેમને કહે કે 'તમે એક નવું દૃષ્ટાંત સાંભળો.' એમ કહી તેમને અપૂર્વ ઉદાહરણ કહે.

**જેમણે સદ્‌ગુરુના ચરણોમાં બેસીને**
**પિસ્તાલીશ આગમો અને અઢળક શાસ્ત્રોનો અભ્યાસ નથી કર્યો,**
**માટે જ સહજ રીતે**
**જેમના પ્રવચનોમાં/લેખનમાં ઉત્સૂત્રો આવતા જ રહે છે,**

**એવા ગૃહસ્થોના પ્રવચનો ભલે ગમે તેટલા આકર્ષક**
**અને છટાદાર પણ કેમ ન હોય,**
**એમાં અમુક સારી વાતો પણ કેમ ન આવતી હોય**
**અને દેખીતી રીતે તેમાં લાભ પણ કેમ ન થતો હોય,**
**તેમની વાતો સંભળાય કે વંચાય નહીં,**
**તેનો જવાબ આગમના આ અજવાળામાં આવી જાય છે.**

જો ઉત્સૂત્રભાષી એવા શ્રમણની દેશના પણ ન જ સંભળાય,
તો પછી ઉત્સૂત્રભાષી ગૃહસ્થોની વાત તો
સાંભળવા/વાંચવાનો સવાલ જ ક્યાં આવે છે ?

(સંવિજ્ઞ ગીતાર્થ ગુરુભગવંતોને સમર્પિત રહીને તેમના નિર્દેશની મર્યાદામાં રહીને પ્રરૂપણા ન થાય, તો અગીતાર્થ સાધુ કે ગૃહસ્થ બંને માટે સ્વયં ખાડામાં પડવાનો અને બીજાને પાડવાનો વિકલ્પ જ બાકી રહે છે.)

✵

## ✳ जागरह णरा णिच्चं ✳

આપણા જીવનનો સાર આ છે કે આપણે એક સપનાના કેરેક્ટર બનીને આખી જિંદગી બહુ સિરિયસલી આપણા (?) પ્રશ્નોનો નિકાલ કરવા માટે મથામણ કર્યા કરીએ છીએ. સંસારનો સીધો અર્થ છે પાગલનો લવારો. એને વજન આપવાનો સીધો અર્થ એ જ છે કે આપણે પણ પાગલ છીએ. એને સાચો માનવો, એના ઈશારે ચાલવું ને એમાં હિત માનવું, આ પાગલ કરતા પણ વધુ પાગલ ચેષ્ટા છે.

સપનું પૂરું થઈ શકે છે, સપનાના પ્રશ્નો પૂરા નથી થતા, સપનાના પ્રશ્નો પૂરા થઈ જાય તો ય પૂરા નથી થયા હોતા, કારણ કે તે હકીકતમાં પ્રશ્નો જ નથી હોતા.ધારો કે તે પ્રશ્નો છે, તો ય તેમના પૂરા થવાથી આપણને કોઈ ફાયદો નથી. કારણ કે આપણા પ્રશ્નો તો હજી ઊભા જ રહે છે.

ઉલ્ટુ સપનાના પ્રશ્નોની પળોજણમાં ઝંપલાવીને આપણે આપણા પ્રશ્નોનો પરિચય સુદ્ધા કરી શકતા નથી, ને જિંદગી એમ ને એમ વેડફાઈ જાય છે. જીવ એ પ્રશ્નોને સાથે લઈને પરલોકમાં જતો રહે છે, આ રીતે અનંત ભવનું ચક્ર ચાલ્યા કરે છે.

મોક્ષનું મૂલ્ય છે જાગરણ, ઊંઘ-સપનું ને એના પ્રશ્નોની પળોજણ- આમાં મોક્ષની કોઈ જ શક્યતા નથી.

✷

## ⁕ જિનશાસન TIMES-1 ⁕

શાન્તસુધારસમાં પૂ. વિનયવિજયજી મહારાજ કહે છે -

**निर्विशङ्का स्म इति धिक् प्रमादम् ।**

''જેની સાથે રમ્યા... જેની સાથે જમ્યા
જેની સાથે કલાકો સુધી પ્રેમથી વાતો કરી
તેઓ નજરની સામે રાખ થઈ ગયા
છતાં આપણને આપણું મોત ન દેખાય
આપણે એવી રીતે જીવીએ જાણે આપણે
કદી મરવાનું જ નથી,
એથી મોટો પ્રમાદ બીજો કયો હોઈ શકે
ધિક્કાર હો આપણી આ ધિટ્ઠાઈને.''
ધારો કે આપણને મોતનો ડર છે, તો એટલું ય પૂરતું નથી
ડરના બે પ્રકાર છે.
સમ્યક્ ડર અને અસમ્યક્ ડર
કોરોનાના ડરમાં ડિપ્રેશનમાં આવી ગયેલા
ને આપઘાત સુદ્ધા કરી બેસનારાઓને
અસમ્યક્ ડર છે.

સંસાર એ કરોડો કોરોનાઓનો સરવાળો છે.
નરક પણ એક પ્રકારનો કોરોના છે.
નિગોદ પણ એક પ્રકારનો કોરોના છે.
દૃશ્યમાન કોરોના કરતા અનંતગણા
વધુ ભયાનક કોરોનાઓનો સંસારમાં તોટો નથી
આ વાસ્તવિકતાને સમજીને
જેઓ સંસારથી અને સંસાર વધારનાર
પ્રત્યેક પ્રવૃત્તિથી ડરે છે, સંસારને
લાત મારીને સંયમના પંથે નીકળી પડે છે
તેમને સમ્યક્ ડર હોય છે.
તેઓ અલ્પ સમયમાં જ મોક્ષે પહોંચીને
સર્વ કોરોનાથી સદા માટે મુક્ત બની જાય છે.

✺

## ❊ જિનશાસન TIMES-2 ❊

એક સાપ હતો
જેને આપણે સહુ રમાડતા હતા.
ચળકતું ને થોડું પોચું એનું શરીર
જોતા રહી જઈએ એવી એની ચાલ.
મજા આવી જાય એવા એના ગેલ
આપણને એની સાથે આનંદ આવતો હતો.
પણ
એક દિવસ એણે કરડવાનું શરૂ કર્યું.
બધા ટપોટપ મરવા લાગ્યા.
આપણે એકાએક ડઘાઈ ગયા.

આ શું ? આણે આ શું માંડ્યું ?
આખરે આવું ક્યાં સુધી ?
ફરી એ ગેલ કરે ને આપણને મજા આવે
એવા દિવસો ક્યારે આવશે ?
આપણી પ્રબળ ઝંખના છે
કે સાપ સુધરી જાય. બસ, એથી વધુ કાંઈ જ નહીં.
ખરેખર તો આપણે આ ઘટનાથી
સાપનો ખરો પરિચય પામી
સાપને છોડી દેવાનો હતો
સાપની અસલિયત ઉઘાડી પડવા છતા
સાપથી ઉબી ન જવું, સાપના ગેલ ઈચ્છવા,
એ પણ એક પ્રકારનો આપઘાત છે.
ડંખ નથી જોઈતા, સાપ જોઈએ છે.
આ મૂર્ખામી છે.
કોરોના નથી જોઈતો, સંસાર જોઈએ છે.
આ મૂર્ખામી છે.
સમયની અને આપણા આત્માની માંગ એ જ છે.
કે આપણે એને છોડી દઈએ.

✳

## ⁕ જિનશાસન TIMES-3 ⁕

ક્યારે પણ કોઈ પણ વ્યક્તિના ખરાબ સમાચાર
આપણને મળી શકે
અને
ક્યારે પણ આપણા ખરાબ સમાચાર

કોઈને મળી શકે
આ સંસારનો સ્વભાવ છે.
આપણે એને ન'તા જોઈ શકતા
તો કોરોના દ્વારા આંખે ઉડીને વળગે એ રીતે
સંસાર પોતાનો સ્વભાવ આપણને બતાવી રહ્યો છે.
આ સમય છે.
આંખો ફાડીને જોઈ લેવાનો.
આ સમય છે.
પગથી માથા સુધી હલબલી જવાનો
આ સમય છે.
સંસારના બધા જ મોહને
ઉતારીને ફગાવી દેવાનો,
આ સમય છે
એકાન્ત હિતકારક જિનાજ્ઞાને ભેટી પડવાનો
આ સમય છે
જિનાજ્ઞાપાલનને જ જીવનમંત્ર બનાવી લેવાની
ભીષ્મ પ્રતિજ્ઞા લેવાનો
પરમ પાવન શ્રી આચારાંગ સૂત્ર કહે છે -
**खणं जाणाहि पंडिए ।**
'જો તું સમજદાર હોય તો આ સમયને ઓળખ.'
વૈરાગ્યની લખલૂટ કમાણી કરી લેવાના અવસરે ય
આળસું રહેશે, તે ભવોભવ ભવની ગલીઓમાં
ભીખ માંગતા રહેશે.
આવી ભૂલ બિલકુલ કરવા જેવી નથી.

✺

સંયમપરિણતિને સતેજ કરવા માટે

# સંવાદ શ્રેણિ

જો આપના પરિવારમાંથી કોઈએ દીક્ષા લીધી હોય,
અને જો આપ ઈચ્છતા હો કે તેમનું સંયમ નિર્મળ બને,
તેમણે જે ઉદ્દેશ્યથી દીક્ષા લીધી છે
તે ઉદ્દેશ્ય સફળ થાય.
તેમના વૈરાગ્યના દીવામાં રોજ ઘી પૂરાતું રહે.
અને તેમની ચારિત્ર પરિણતિ જોઈને તમારી છાતી ગજગજ ફૂલે
તો આ પુસ્તકોની પ્રિન્ટ કાઢીને તેમને જરૂર આપશો.

| | | | |
|---|---|---|---|
| સંયમ સંવાદ | સૌહાર્દ સંવાદ | સદ્ગુણ સંવાદ | સમર્પણ સંવાદ |
| શ્રામણ્ય સંવાદ | સમાધાન સંવાદ | સાધના સંવાદ | શુદ્ધિ સંવાદ |
| સત્ય સંવાદ | સમ્યક્ સંવાદ | સાધુતા સંવાદ | શાસન સંવાદ |
| સત્ સંવાદ | સંવર સંવાદ | શ્રમણ અભ્યાસક્રમ | પરઠવતા પહેલા |
| વિરક્તિ ધારા | વિશુદ્ધિ ધારા | પરિણતિ ધારા | વિરતિ ધારા |
| સૂત્ર સંવાદ | શ્રુત સંવાદ | બ્રહ્મ easy | શીલ |

for free e book - Booklink - **bit.ly/priyambooks**
જેના પરથી આપ પ્રિન્ટ કાઢીને આપવા દ્વારા જ્ઞાનાત્મક
સુપાત્રદાનનો લાભ પામી શકશો.
પુછતાછ માટે – ahoshrut.bs@gmail.com

**સાધન-સામગ્રી ઓછી-વત્તી હોય**
**તો સંયમજીવન ટકી શકે છે.**
**પણ સાધના અને પરિણતિ વિના સંયમજીવન ટકી શકતું નથી.**
**મહાત્માને સાધના અને પરિણતિનું આલંબન આપવું**
**એ એમની સર્વોત્કૃષ્ટ ભક્તિ છે.**

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજાની અમર પ્રસાદી

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

આત્માની અંજનશલાકા

ને આત્માના આગમ જેવી

આ કૃતિ પર

ધારાબદ્ધ પ્રવચનોનું

હસ્તલિખિત અવતરણ

**ભાગ ૧ થી ૧૫**

૧૫૦ જેટલા પ્રવચનો દ્વારા

જિનશાસનનું હાર્દ પામવાનો અવસર

**પ્રવચન**

પ્રિયમ્

**અવતરણ**

રિતેશભાઈ સરવૈયા

for free e book - Booklink - **bit.ly/priyambooks**

જેના દ્વારા આપ પ્રિન્ટ્સ કાઢીને વાંચી શકશો.

For readercare-ahoshrut.bs@gmail.com

## BOOKS FOR THE GENERAL PUBLIC

| | | |
|---|---|---|
| ૧. | Mission **સ્વચ્છ સાયબર** (હિં.ગુ.) | - સફાઈ સામગ્રી |
| ૨. | **નારી ગરિમા** | - ૧૬ વર્ષની દીકરી માટે ૧૬ પાના |
| ૩. | Court Says (હિં.ગુ.) | - ગંદા પ્રસારતંત્ર પર કોર્ટની સમાલોચના |
| ૪. | **સર્વ ધર્મશાસ્ત્રો કે અભિપ્રાય** (હિં.) | - ગંદા પ્રસારતંત્રનો સર્વ ધર્મો દ્વારા વિરોધ-સચિત્ર |
| ૫. | **સર્વ ધર્મગુરુઓં કે અભિપ્રાય** (હિં.) | - વિવિધ ધર્મસંપ્રદાયો દ્વારા ગંદા પ્રસારતંત્રનો વિરોધ |
| ૬. | **લાઈન્સ On ગાઈડલાઈન્સ** (હિં.) | - પ્રસારતંત્ર ગાઈડલાઈન પર સીધા પ્રશ્ન |
| ૭. | **રાષ્ટ્રહિત - પત્રવ્યવહાર** (હિં.) | - પ્રસારતંત્ર-સ્વચ્છતા માટેના પ્રયાસો |

## BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | Journey **જિનશાસન** | - શાસનયાત્રા |
| ૨. | **પર્યુષણ-૧** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૩. | **આરાધનાયાત્રા** | - પંચવસ્તુક-વાચના (હસ્તલિખિત) |
| ૪. | Management : **પાર્શ્વ** | - લાઈફ સ્કેિટ્સ |
| ૫. | **પ્રવાહ** | - વિવિધ લેખો |
| ૬-૧૦. | **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** | - પ્રવચનધારા ભાગ ૧૨ થી ૧૬ (હસ્તલિખિત) |
| ૧૧. | **પેરન્ટીંગ-સર્જરી** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૧૨. | **ધ્યાનયાત્રા** | - પ્રવચનધારા (હસ્તલિખિત) |

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

| | | |
|---|---|---|
| ૧. | **સંજ્ઞાન સંવાદ** | - શ્રમણ વાચના |
| ૨. | **વિરક્તિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૩. | **વિશુદ્ધિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૪. | **પરિણતિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૫. | **વિરતિ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૬. | **પ્રવ્રજ્યા ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |
| ૭. | **પરમ ધારા** | - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત) |

## પેમ્ફલેટ સાહિત્ય

बावशी और बारिश (हिं.) - સપ્રેમ સમજાવટ

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.

આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **જૈન સાધુ અને પર્યાવરણ** - રસપ્રદ માહિતી
૨. **જગતહિતકારની** (?) (હિં) - એક વિશેષ અધ્યયન
૩. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧ થી ૪
૪. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૫ થી ૮
૫. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૯ થી ૧૨
૬. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧૩ થી ૧૬

## BOOKS FOR THE JAINS

૧. **સંઘયાત્રા** - આમંત્રણ ગાઈડ
૨. **વલોણું** - વિવિધ લેખો
૩. Defence **જિનશાસન** - ગિરિરાજ સુરક્ષા - પ્રેરણા + પ્લાન
૪. **પ્રશમરતિ અમૃતમ્** - આંશિક રસાસ્વાદ
૫. Secure **જિનશાસન** - કન્યા ડે - તપોવન - પ્રેરણા + પ્લાન
૬. My **સંસ્કાર** Card - બાળસંસ્કરણ નોંધપોથી
૧૧. **ચૈત્ર સુદ તેરસ** - જન્મ કલ્યાણકની ભીતરમાં
૧૨. Plan **જિનશાસન** - એવું સુંદર સપનું મારું સાકાર હોજો

## BOOKS FOR GURU BHAGWANTS

૧. **સમ્મતિ સંવાદ** - શ્રમણ વાચના
૨. **સૌભાગ્ય સંવાદ** - શ્રમણ વાચના

## PEMPFLATE FOR JAINS

a. **શાસનસેવા** - આજીવન ચાર્જિંગ
b. **સોળ વર્ષનો સરવાળો** - શાંબ-પ્રદ્યુમ્ન સાધના (ફાગણ સુદ ૧૩ શ્રેણિમાં)
c. **સગાઈ** - દીક્ષા-પત્રિકા કોન્સેપ્ટ
d. **મુમુક્ષુના પરિવારને** - ટિપ્સ
e. **મુમુક્ષુના યજમાનને** - ટિપ્સ
f. 13 Q. on **કોરોના & દેરાસર** - ગાઈડલાઈન ટિપ્સ
g. **પ્રગતિની પગદંડી** - સાધર્મિકને પ્રેરણાપત્ર

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.

આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.